દાવો દાખલતા.૦૨/૦૨/૨૦૨૬
દાવો રજુ તા.૦૨/૦૨/૨૦૨૬
દાવો ફેંસલ તા. ૨૯/૦૭/૨૦૨૬
<u>અવધિ :- વર્ષ. માસ. દિવસ.</u>
૦૦ ૦૫ ૨૭

**મે.એડીશનલ સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મુ.રાજુલા.**

**રે.દિ.કેસ નં.–૩૫/૨૦૨૬**

આંક નંબર :

**વાદી** : પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ
હેડ ઓફીસ રેસકોર્સ વડોદરા આવેલ છે.
જેની નીચે એએક ડીવીઝન ઓફીસ સારવ કુંડલા
મુકામે આવેલ છે.
નાયબ ઈજનેર શ્રી પશ્ચિમ ગુજરાત વજ કંપની લી.
સબ ડીવીઝન, રાજુલા–(ટાઉન) મુ.રાજુલા
તા.રાજુલા, જિ.અમરેલી

**વિરૂદ્ધ**

**પ્રતિવાદી** : મંગાભાઈ રાણીંગભાઈ વાઘ
ઉ.વ.પુખ્ત, ધધો: વેપાર/ખેતી
ઠે. રહે.કથીવદર, તા.રાજુલા, જિ.અમરેલી

**દાવો:–<u>રૂા.૭૭,૪૪૭–૫૭/– વસુલ લેવા</u>.**

વાદી તરફે :–વિ.વ.શ્રી આર.બી.જોષી
પ્રતિવાદી તરફે:– એકતરફી

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula

## -: ચુ કા દો :-

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી કંપની ગુજરાત ઈલેકટ્રીકસીટી ઈન્ડસ્ટ્રીઝ (રી–ઓર્ગેનાઈઝેશન અને રેગ્યુલેશન) એકટ ૨૦૦૩ હેઠળ નોંધાયેલ કંપની છે અને વાદી કંપની જુદા જુદા હેતુ માટે વીજ પુરવઠો પુરો પાડવાનુ કામકાજ કરે છે. આ કામના પ્રતિવાદી વાદી કંપનીના કાયદેસરના ગ્રાહક નથી. વાદી કંપનીના અધીકારીઓ તથા કર્મચારીઓએ તા.૦૪/૦૪/૨૦૨૫ ના રોજ રાજુલા તાલુકાના કથીવદર ગામમાં વીજ ચેકીંગ કરવા ગયેલા હતા ત્યારે આ કામના પ્રતિવાદીએ ઘર પાસેથી પસાર થતી હળવા દબાણની વિજ લાઈનના એલ.ટી. વિજ પોલ પરથી ફેઈઝ અને ન્યુટ્રલ સાથે આશરે ૨૦ મીટર પીળા કલરનો ટવીન કોર સર્વિસ વાયર જોડીને તેનો બીજો છેડો પોતાના ઘરમાં લોર્ડ સાઈડમાં મેઈન સવિચ બોર્ડમાં જોડીને બીન– અધિકૃત રીત ગેર કાયદેસર અને બિન અધિકૃત રીતે વિજ વપરાશ કરતા માલુમ પડેલ છે. સ્થળ પરથી આશરે ૨૦ મીટર પીળા કલર નો સર્વિસ વાયર જપ્ત કરેલ છે. સ્થળ પર પ્રતિવાદી હાજર હતા અને તેઓની હાજરીમાં હાજર રહેલા વાદી કંપનીના અધિકારી ઓએ સ્થળ પર તે જ તારીખે અને સમયે વિજ જોડાણ તપાસણી અહેવાલ અને સ્થળ પરનુ રોજકામ નકશા સહિત કરેલુ અને બંને સાધનીક કાગળોમાં રૂબરૂપણામાં સહીઓ કરેલી અને ત્યાં હાજર

પ્રતિવાદીને સહી કરવાનુ કહેતા પ્રતિવાદીએ સહી કરવાની ના પાડેલ છે. આ રીતે પ્રતિવાદી પાવરચોરી કરતા માલુમ પડેલા. આ કામના પ્રતિવાદી ઉપરોકત વિગતે પાવર ચોરી કરતા પકડાઈ ગયેલ હોવાથી પાવર ચોરી બીલની રકમ વાદીને વસુલ આપવા બંધાયેલ છે અને વિલંબીત ચાર્જ ભરવા પણ બંધાયેલ છે તેમજ વાદી કંપનીને સરદહું રકમ પ્રતિવાદી ભરપાઈ ન કરે તો દર વર્ષે દર સેકન્ડે ૧૮ % ના ચડતા વ્યાજનુ નુકસાન વસુલવા પણ હકક અધિકાર છે અને પ્રતિવાદીની ભરપાઈ કરવા ફરજ અને જવાબદારી ઠરેલી છે.

આ કામમાં પ્રતિવાદીને પાવર ચોરી બીલની રકમ રૂા. ૬૯,૯૯૯–૬૧ પૈસા પુરા નુ બીલ આપવામાં આવેલ હતુ જે રકમ આજ પર્યંત પ્રતિવાદીએ વસુલ આપલ નથી તેમજ પ્રતિવાદી તરફથી કમ્પાઉન્ડીંગ ચાર્જની રકમ પણ ભરપાઈ કરવામાં આવેલ નથી.જેથી સદરહું પાવર ચોરી બીલની બાકી રહેતી રકમ રૂ.૬૯,૯૯૯–૬૧ પૈસા તથા વિલંબીત ચાર્જના રૂા.૭,૪૪૭–૯૬ પૈસા મળી કુલ રૂપિયા ૭૭,૪૪૭–૫૭ પૈસા પુરા વસુલ આપવા પ્રતિવાદી ને વાદી કંપની તરફથી તા.૦૩/૦૬/૨૦૨૫ ના રોજ નોટીસ આપેલ જે પ્રતિવાદીને બજેલ છે. આમ,પ્રતિવાદીને નોટીસ આવામાં આવેલ હતી છતાં પ્રતિવાદીએ વાદી કંપનીની ઉપરોકત રકમ વસુલ આપેલ નથી

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula

અને ગંભીર પંકારનુ ગુન્હાહીત કહી શકાય તેવી બેદરકારી દાખવેલ છે જેથી તે રકમ વસુલ લેવા હાલનો દાવો છે.

(૨) આ દાવાનું સમન્સ પ્રતિવાદીને બજતાં પ્રતિવાદી હાજર થયેલ નથી. અને આંક–૧ ના હુકમ મુજબ પ્રતિવાદી વિરૂધ્ધ હાલના દાવાની કાર્યવાહી એકતરફી ચલાવવામાં આવેલ છે.

(૩) પ્લીડીંગ ધ્યાને લેતાં, તથા આ કામની તકરારો ધ્યાને લેતાં દાવાનાં નિર્ણય માટે આંક–૬ થી નીચે મુજબનાં મુદ્દાઓ ઘડવામાં આવેલ છે.

**–::મુદા::–**

૧. શું વાદી સાબીત કરે છે કે વાદી આ કામ ના પ્રતિવાદી રૂા. ૭૭,૪૪૭–૫૭/–(અંકે રૂપિયા સત્યોતેર ચારસો સળતાળીસ અને સતાવન પૈસા) પુરા વસુલ લેવા હકકદાર છે?

૨. શું વાદી વ્યાજ મેળવવા હકકદાર છે.? જો હા તો વ્યાજનો દર શું?

૩. શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા માટે હકકદાર છે.?

૪. શું હુકમ અને હુકમનામું ?

(૪) ઉપરોકત મુદ્દાઓ અંગેનો નિર્ણય નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ : હકારમાં

મુદ્દા નં.૨ : અંશત:હકારમાં

મુદ્દા નં.૩ : અંશત:હકારમાં

મુદ્દા નં. ૪ : આખરી હુકમ મુજબ.

(૫) ત્યારબાદ વાદી પક્ષે નીચે મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો**:

૧.સાહેદ મહેન્દ્રભાઈ મનુભાઈ શીયાળનુ સરતપાસનુ સોગંદનામુ. આંક–૦૮

**દસ્તાવેજી પુરાવો:**

| | | |
|---|---|---|
| ૧. | દાવો દાખલ કરવાનો મંજુરપત્ર | આંક–૧૦ |
| ૨. | પ્રફોર્મા–૧૨ | આંક–૧૧ |
| ૩. | પ્રતિ.ને આપેલ લીગલ નોટીસ | આંક–૧૨ |
| ૪. | પ્રતિ.ને નોટીસ બજયાની પાવતી | આંક–૧૩ |
| ૫. | એનેક્ષર–૧૨–૧૩૫–૧૨૬ની નોટીસ | આંક–૧૪ |
| ૬. | બિલનુ આકારણી પત્રક | આંક–૧૫ |
| ૭. | વિજ જોડાણ તપાસણી અહેવાલ | આંક–૧૬ |
| ૮. | ખાતાકીય રોજકામ | આંક–૧૭ |

(૬) પ્રતિવાદીએ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી અને આ કેસની કાર્યવાહી પ્રતિવાદી વિરૂધ્ધ એકતરફી ચાલેલ છે.

(૭) વાદીના વિ.વ.શ્રીએ તેઓની દલીલમાં આ કામની દાવા અરજી તથા દસ્તાવેજી પુરાવા તરફ મારું ધ્યાન દોરેલ છે અને દલીલ કરેલ છે કે, જયારે વાદી પુરાવા રજુ કરી પોતાનો કેસ પુરવાર કરેલ હોય અને

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula

પ્રતિવાદીએ તે પુરાવાનું ખંડન કરેલ ન હોય કે તેના વિરૂધ્ધ કોઈ પુરાવો આપેલ ન હોય ત્યારે વાદીનો કેસ માનવા લાયક જણાય છે. સીવીલ કેસમાં જે પક્ષકાર ઉપર સાબીતીનો બોજો હોય તે પક્ષકારે પોતાના પરના સાબીતીનો બોજો તે હકીકત વ્યાજી શંકાથી પર સાબીત કરી પુરવાર કરવો આવશ્યક નથી, અને ફકત ને ફકત પરપોંડોરન્સ ઓફ પ્રોબેબલીટીસથી તે હકીકત સાબીત કરે તો તે સાબીતીનો બોજો તે પક્ષકારે ડીસ્ચાર્જ કરેલો ગણાય, અને તે હકીકત સાબીત કરેલી ગણાય. સીવીલ કેસમાં બન્ને પક્ષકારોએ રજુ કરેલ કોઈપણ હકીકત બાબતેનો પુરવો કમ્પેર કરવાનો હોય છે. અને જે પક્ષકારનો પુરાવો સામા પક્ષકારના પુરાવા કરતા વધુ મજબુત હોય તે પક્ષકાર તે હકીકત સાબીત કરી હોવાનું ઠરાવવાનું રહે છે. આથી જયારે પ્રતિવાદી આ કામે કોઈ પુરાવો જ આપેલ ન હોય અને વાદીના પુરાવાને ચેલેન્જ કરેલ ન હોય ત્યારે વાદી પોતાનો કેસ સાબીત કરવામાં સફળ થયેલ હોવાનું ઠરાવવું જોઈએ.

(૮) ઉપરોકત ન્યાયી નિર્ણય અંગેનાં મારા કારણો નીચે મુજબ છે.

**મુદા નં. ૧:–**

આ કામે વાદી પોતે પ્રતિવાદીએ વીજ ચોરી કરેલ હોવાની અને તે કારણે પ્રતિવાદી વીજ બીલના નાણાં ચુકવવા માટે જવાબદાર હોવા નું સ્પેસીફીક કેસ લઈને આવેલ છે. ત્યારે સદર હકીકત પુરવાર કરવાની જવાબદારી વાદી પર છે. વાદીએ રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula

પુરાવા તથા વાદીની પ્લીડીંગ ધ્યાને લેતાં નીચે મુજબના તારણો ઉપસ્થિત થાય છે.

(એ) જયાં સુધી વાદી તરફે કરવામાં આવેલ પ્રતિવાદીના સરપ્રાઈઝ ચેકીંગમાં પ્રતિવાદીએ ગેરકાયદેસર રીતે વીજ ચોરી કરેલ હોવાની હકીકતનું પ્લીડીંગ કરેલ છે. તથા તે બાબતે પ્રતિવાદીને નોટિસ આપેલ હોવાની હકીકતનું પણ પ્લીડીંગ કરેલ છે. તે તમામ પ્લીડીંગ આ કામે પ્રતિવાદી એ ચેલેન્જ કરેલ નથી.

(બી) વાદીએ રજુ કરેલ તમામ દસ્તાવેજી તથા મૌખિક પુરાવા પ્રતિવાદીએ કોઈપણ રીતે ચેલેન્જ કરેલ નથી કે તેના ખંડનમાં કોઈ પુરાવો રજુ કરેલ નથી. પ્રતિવાદી વિરૂધ્ધ આ કામના વાદી સંસ્થાના સદર કર્મચારીને ખોટું બોલવાને કોઈ કારણ હોય તેવી કોઈ હકીકત આ કામે રેકર્ડ પર આવી શકેલ નથી. વાદીએ તપાસેલ સદર સાહેદ પોતાના અંગત હીત માટે આ કોઈ કાર્યવાહી કરતા હોય તેવી આ કેસની હકીકત નથી. આથી જયારે સદર સાહેદ પોતાના અંગત હીત માટેના કોઈ કલેઈમના સમર્થનમાં જુબાની આપતા હોય તેવી આ કેસની હકીકત ન હોય, ત્યારે તેઓને પ્રતિવાદી વિરૂધ્ધ ખોટું બોલવાનું કોઈ કારણ રહેતું નથી. જેથી વાદીએ રજુ કરેલ સદર બીન પડકારેલ પુરાવો નહીં માનવાને કોઈ કારણ નથી.

(સી) વાદી તરફે તપાસેલ સાહેદનો પુરાવો ધ્યાને લેતાં જણાય છે કે, સદર સાહેદ પોતાની જુબાનીમાં વાદીએ રજુ કરેલ સરપ્રાઈઝ ચેકીં

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula

ગના તથા પ્રતિવાદીની ગેરકાયદેસર વીજચોરીની હકીકતને અને તેના અનુસંધાને પ્રતિવાદીને બીલ આપવામાં આવેલ હોવાની હકીકતને સમર્થન આપે છે. સદર તમામ હકીકતો આ સાહેદે સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે. જે પૈકી કોઈ હકીકત પ્રતિવાદી તરફે ચેલેન્જ કરવામાં આવેલ નથી કે તેનું ખંડન પણ કરવામાં આવેલ નથી. તથા સદર સાહેદે જણાવેલ હકીકતોના સમર્થનમાં વાદીએ દસ્તાવેજી પુરાવા પણ રજુ કરેલ છે. વાદી ધ્વારા પ્રતિવાદી ને નોટીસ આપવા છતાં તેનો કોઈ ખુલાસો કે રીએકશન પ્રતિવાદી ધ્વારા આપવામાં આવેલ નથી. સીવીલ કેસમાં જે પક્ષકાર ઉપર સાબીતી નો બોજો હોય તે પક્ષકારે પોતાના પરના સાબીતીનો બોજો તે હકીકત વ્યાજી શંકાથી પર સાબીત કરી પુરવાર કરવો આવશ્યક નથી. અને ફકત ને ફકત પરપોંડોરન્સ ઓફ પ્રોબેબલીટીસથી તે હકીકત સાબીત કરે તો તે સાબીતીનો બોજો તે પક્ષકારે ડીસ્ચાર્જ કરેલો ગણાય, અને તે હકીકત સાબીત કરેલી ગણાય. સીવીલ કેસમાં બન્ને પક્ષકારોએ રજુ કરેલ કોઈપણ હકીકત બાબતેનો પુરવો કમ્પેર કરવાનો હોય છે. અને જે પક્ષકારનો પુરાવો સામા પક્ષકારના પુરાવા કરતા વધુ મજબુત હોય તે પક્ષકાર તે હકીકત સાબીત કરી હોવાનું ઠરાવવાનું રહે છે. વધુમાં આ કામે વાદી ધ્વારા પ્રતિવાદીને રજી.એ.ડી. થી નોટીસ લેણી રકમની આપવામાં આવેલ છતાં પ્રતિવાદીએ તેનો કોઈ જવાબ આપેલ હોય કે રીસ્પોન્ડ કરેલ હોય તેવું બનેલ હોવાનું

જણાતું નથી. જેથી જે દસ્તાવેજી તથા મૌખિક પુરાવા વાદીનો કલેઈમ એસ્ટાબ્લીસ કરવા માટે પુરતો હોવાનું મારું માનવું છે.

(ડી) આમ ઉપરોકત તમામ દસ્તાવેજી અને મૌખિક પુરાવો ધ્યાને લેતાં સ્પષ્ટ થાય છે કે સદર પુરાવો કોઈએ ચેલેન્જ કરેલ નથીકે તેનું ખંડન કરેલ નથી. આથી તેને નહીં માનવાને કોઈ કારણ નથી. જે તમામ પુરાવો ધ્યાને લેતાં આ અદાલતનું માનવું છે કે, સદર પુરાવો વાદીનો પ્રતિવાદીએ કરેલ વીજ ચોરીની હકીકતનો કેસ સાબીત કરવા માટે પુરતો છે, અને વાદી કંપની પ્રતિવાદી પાસેથી સદર રકમ વસુલ મેળવવા માટે હકકદાર છે. જેથી મુદા નં.૧ નો જવાબ હકારમાં આપું છું.

**<u>મુદા નં.૨ તથા ૩ :–</u>**

(૯) આ મુદો ધ્યાને લેતાં સદર મુદો ડીકટેરલ એમાઉન્ટ ઉપર વ્યાજનો અને ખર્ચને લગતો છે જે બાબત માટે સીવીલ પ્રોસીજર કોડ ૧૯૦૮ ની કલમ–૩૪ તથા ૩૫ સાથે હાલના કેસના સંજોગો ધ્યાને લેતાં સ્પષ્ટ થાય છે કે પ્રતિવાદી સદર રકમ વાદીને ચુકવવામાં નિષ્ફળ ગયેલ છે. તથા વાદીએ પ્રતિવાદીને સદર રકમની ચુકવણી કરવા માટે નોટિસ પણ આપેલ છે. અને બીલ પણ ઈશ્યુ કરેલ છે. તેમછતાં પ્રતિવાદી એ સદર રકમ નહીં ચુકવી આપતા વાદીને હાલનો કેસ દાખલ કરવાની ફરજ પડેલ છે. આ સંજોગોમાં પ્રતિવાદીને વ્યાજ તથા ખર્ચની રકમ ચુકવી આપવા હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું મારું નમ્રતાપુર્વકનું માનવું છે. તેથી વાદી કંપની વ્યાજ તથા ખર્ચ પ્રતિવાદી

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula

પાસેથી વસુલ મેળવવા હકકદાર હોવાનું હું ઠરાવું છું. જયાં સુધી વ્યાજના દરનો સવાલ છે ત્યાંસુધી જયારે પક્ષકારો વચ્ચે વ્યાજના દર બાબતે કોઈ સ્પષ્ટતાપુર્વક કરાર થયેલ નથીત્યારે હાલના પ્રવર્તમાન મોનીટેરીયલ ટ્રાન્ઝેકશન પરના વાર્ષિક ૯ % નું વ્યાજ વાદીને ડીકટેરલ એમાઉન્ટ પર દાવો દાખલ થયો ત્યારથી ચુકવવાનો પ્રતિવાદીને હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું મારું માનવુ છે જેથી મુદા નં.૨ નો જવાબ અંશત હકારમાં આપી, વાદીએ મુદા નં.૨ અંશત: સાબીત કરેલ હોઈ મુદા નં.૩ નો જવાબ પણ અંશત: હકારમાં આપું છું. વધુમાં આ કામે પ્રતિવાદી તરફે કોઈ લેખિત જવાબ રજુ થયેલ નથી તથા કેસની કાર્યવાહી પ્રતિવાદી વિરૂધ્ધ એકતરફી ચાલેલ છે તે સં જોગો માં સીવીલ પ્રોસીજર કોડ,૧૯૦૮ ના ઓર્ડર–૮, રૂલ–૧૦ ની જોગવાઈઓ તથા આ કેસની હકીકતો કે જેમાં વાદીએ પોતાની સંસ્થા વતી દસ્તાવેજી પુરાવાઓ રજુ કરી હાલનો કેસ દાખલ કરેલ છે. જે વાદી સંસ્થાના કર્મચારીએ કોઈ પોતાના અંગત લાભ માટે દાખલ કરેલ નથી તે હકીકતો સહીત ધ્યાને લેતાં સદર રૂલ–૧૦ હેઠળ પણ વાદીની તરફેણમાં જજમેન્ટ પસાર કરવા પાત્ર જણાય છે. આથી મુદા નં. ૪ પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ હુકમ કરવામા આવે છે.

**–// હુકમ //–**

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula

૧. વાદીનો દાવો અંશત: મંજુર કરવામાં આવે છે.

૨. આ કામના વાદી પ્રતિવાદી પાસેથી રૂા.રૂા.રૂા.૭૭,૪૪૭–૫૭/– (અંકે રૂપિયા સત્યોતેર ચારસો ચુળતાળીસ પૈસા) વસુલ મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે અને સદર રકમ પ્રતિવાદી એ વાદીને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. વાદી સદર રકમ ઉપર દાવો દાખલ થયા તારીખથી સદર રકમ ચુકવવામાં આવે ત્યાં સુધી વાર્ષિક ૯% લેખે વ્યાજ પ્રતિવાદી પાસેથી મેળવવા હકકદાર રહેશે તેવું પણ ઠરાવવામાં આવે છે.

૩. આ કામના પ્રતિવાદીએ આ દાવાનો ખર્ચ વાદીને ચુકવી આપવો અને પ્રતિવાદીએ દાવાનો પોતાનો ખર્ચ પોતે ભોગવવો.

૪. હુકમ મુજબ હુકમનામું દોરવું.

ચુકાદો આજ રોજ ખૂલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૨૯–૦૭–૨૦૨૬

રાજુલા

(રાકેશકુમાર વસંતલાલ સોની)
પ્રિન્સી. સીનીયર સીવીલ જજ,રાજુલા
કોડ નં– જી.જે ૦૧૧૯૩

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula